# વડોદરા જીલ્લો




- વડોદરા ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મધ્ય ભાગમાં આવેલો એક જિલ્લો છે.
- વડોદરા જીલ્લાની આજુબાજુ ઉત્તરે ખેડા અને પંચમહાલ જીલ્લાની,પૂર્વમાં છોટાઉદેપુર જીલ્લાની, દક્ષિણમાં નર્મદા અને ભરૂચ જીલ્લાની અને પશ્ચિમમાં આણંદ જીલ્લાની સરહદ આવેલી છે.
- વડોદરા ઢાઢર અને નર્મદા વચ્ચેનો 'રેગુર' પ્રકારની જમીનવાળો પ્રદેશ કાનમ પ્રદેશ તરીકે ઓળખાય છે.
- ક્ષેત્રફળ :- ૪,૩૧૨ચો .કિમી
- સ્થાપના :-૧/૫/૧૯૬૦
- વિધાનસભાની કુલ સીટો :- ૧૩ {સાવલી, વાઘોડીયા,છોટાઉદેપુર (એસ.ટી), જેતપુર(એસ.ટી), સંખેડા(એસ.ટી),ડભોઇ, વડોદરા(એસ.સી), સયાજીગંજ,અકોટા,રાવપુરા,માંજલપુર,પાદરા અને કરજણ}
- વસ્તી :- ૪૧,૬૫,૬૨૬ (૨૦૧૧મુજબ)
- અક્ષર જ્ઞાન :- ૭૮.૯૨ %
- સ્ત્રી પુરૂષ પ્રમાણ:-૯૩૪(દર હજારે)
- મુખ્ય મથક :- વડોદરા
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- તાલુકાઓ :-૮ (૧)પાદરા,(૨)વડોદરા, (૩)કરજણ, (૪)ડભોઇ,(૫)વાઘોડિયા, (૬)સાવલી,(૭)શિનોર(૮) દેસર
- તાલુકા પંચાયતની કુલ સીટો :- ૮ (બેઠકો-૨૦૭)( વડોદરા -૩૬, ડભોઇ-૨૦, વાઘોડીયા-૨૦,સાવલી-૨૨ શિનોર-૧૬,કરજણ-૨૦,પાદરા-૨૬ અને દેસર-૧૬)
- જિલ્લા પંચાયતની કુલ સીટો :-૩૧
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ની કુલ વોર્ડ :- ૧૯ (સભ્યો- ૭૬)

- નગરપાલિકાની સંખ્યા અને વોર્ડ- ૨ ડભોઇ- ૯(૩૬)અને પાદરા-૭ (૨૮)
- ગામડાંઓ :-૬૫૮
- ગ્રામપંચાયત :-
- ડેરી ઉદ્યોગ :- બરોડા ડેરી , સુગમ ડેરી (વડોદરા)
- રાષ્ટ્રીય ધોરી માર્ગ :- નં.-૪૮ આ જિલ્લામાંથી પસાર થાય છે. તથા રાષ્ટ્રીય ધોરી નં.-૧ વડોદરા અને અમદાવાદને જોડે છે.
- આરટીઓ નં. :- **GJ-06**અને **GJ-29**
- પાક:- કપાસ,ડાંગર,જુવાર,મગફળી,ઘઉં,બાજરી
- ઉદ્યોગ:- ગરમ કાપડ, રસાયણ,દવાઓ,કાચ,એન્જીનીયરીંગ,રાસાયણિક ખાતર,મત્સ્ય,ડેરી ઉદ્યોગ અને પ્રેટ્રોકેમિકલ્સ
- કારખાનું :-
  - ઈ.સ. ૧૯૬૨માં રાસાયણિક ખાતર બનાવવાનું એશિયાનું સહકારી ક્ષેત્રે ચાલતું સૌથી મોટું કારખાનું ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કોર્પોરેશન કેમિકલ્સ (જીએસએફસી)ની સ્થાપના કરવામાં આવી.
  - ઈ.સ. ૧૯૬૫માં કોયલીમાં ખનીજ તેલ શુદ્ધિકરણની રીફાઈનરી સ્થાપવામાં આવી.
  - ઈ.સ. ૧૯૬૯માં ભારતમાં સૌપ્રથમ ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ (આઇપીસીએલ)ની સ્થાપના કરવામાં આવી હતી.
  - ગુજરાતમાં સર્વ પ્રથમ દવાનું કારખાનાની શરૂઆત- ૧૯૦૫માં (એલેમ્બીક , વડોદરા)
  - વાઘોડિયામાં ગુજરાત સાઈકલ્સ લિમિટેડ સાઈકલ બનાવવાનું કારખાનું આવેલું છે.
  - વડોદરામાં ગુજરાત એનર્જી ટ્રેનીંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ આવેલી છે.
- ખનીજ:-ખનીજતેલ,કોસ્ટિક સોડા ખાર,આરસ, કેલ્સાઈટ અને ચૂનાના પથ્થર પણ મળી આવે છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ :-
  - મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા (સ્થાપના-૧૯૫૦)
  - સુમનદીપ યુનિવર્સિટી, વાઘોડિયા
  - સરકારી મેડીકલ કોલેજ, વડોદરા
  - મંગળ ભારતી ગ્રામ વિદ્યાપીઠ, ગોલભાખરી
  - સુમનદીપ વિદ્યાપીઠ,પીપળીયા, વડોદરા
  - નવરચના યુનિવર્સિટી, વડોદરા
  - ગવર્મેન્ટ મેડીકલ તેમ જ જીએમઈઆર એસ મેડીકલ કોલેજ (વડોદરા
  - પારૂલ મેડીકલ કોલેજ વાઘોડિયા
  - ગુજરાત એન્જીનિયરીંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, વડોદરા
- સંશોધન કેન્દ્ર :-
  - ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ લિમિટેડ
  - ગુજરાત એનર્જી ડેવલપમેન્ટએજન્સી
  - ગુજરાત એન્જિનીયરીંગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ
  - ગુજરાત કમ્યુનીકેશન એન્ડ ઈલેક્ટ્રોનીક્સ લિમિટેડ
  - ઈન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પોરેશન લી. (IPCL) (1969)
  - ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝર કંપની (GSFC)
- નદીઓ:- વિશ્વામિત્રી, ઢાઢર, ઓરસંગ, હીરણ,ભૂખી, ભારજ ,ગોમા,મેસરી, મહી
- પર્વતો:- છોટાઉદેપુરની ટેકરીઓ
- સિંચાઇ યોજના :- આજવા બંધ
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ :- નંબર-૪૮ જિલ્લામાંથી પસાર થાય છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર-૧ વડોદરાને અમદાવાદથી જોડે છે.
- વાવ :- નવલખી વાવ (વડોદરા) હીરા ભાગોળની વાવ (ડભોઇ)
- ધોધ :- નલધા જળધોધ



gnanbhandar.com

- તળાવ :- આજવા , સુરસાગર મુહમ્મદ તળાવ (વડોદરા),ડભાસા તળાવ, દશાપુરાનું તળાવ ( પાદરા) અને નાગેશ્વર તળાવ, તેન તળાવ(ડભોઇ )
- કિલ્લો :- ડભોઇનો કિલ્લો
- મ્યુઝિયમ :- મહારાજા ફતેહસિંહરાવ મ્યુઝિયમ (1961), હેલ્થ મ્યુઝિયમ,એગ્રીકલ્ચરલ મ્યુઝિયમ (વડોદરા )
- અગત્યના સ્થળો :- છોટાઉદેપુર,ડભોઇ ,સંખેડા,બાવજા ,વાઘોડિયા ,પાદરા ,કરજણ
- જોવાલાયક સ્થળો :- લક્ષ્મીવિલાસ પેલેસ (વડોદરા ) હીરા ભાગોળની વાવ,સુરસાગર તળાવ,આજવા તળાવ, મોહમદ તળાવ,પ્રતાપ વિલાસ પેલેસ, કિર્તીમંદિર,કમાટીબાગ,કાયાવરોહણ, સંખેડા,ચાંદોદ, વડોદરા મ્યુઝીયમ, રાધાવલ્લભમંદિર

**વિશેષ નોંધ :**

- વડોદરા પેશ્વા ગાયકવાડ ની રાજધાની હતી.વડોદરાના ગાયકવાદ રાજવંશના પહેલા શાસક પીલાજી હતા.
- વડોદરા શહેર વિશ્વામિત્રી નદીને કિનારે વસેલું શહેર છે.
- ગુજરાતનું પ્રથમ સ્માર્ટ બસ સ્ટેશન વડોદરા છે.
- વડોદરા‘ મહેલોના શહેર’ તરીકે ઓળખાય છે.
- વડોદરા એમ.એસ.યુનિવર્સિટી તથા સરકારી મેડીકલ કોલેજ આવેલી છે.
- ગુજરાતનું સૌથી મોટું પુસ્તકાલય સેન્ટ્રલ લાઈબ્રેરી,વડોદરામાં આવેલી છે.
- ગુજરાત ઈકોલોજીકલ કમીશન વડોદરામાં આવેલ છે.
- રેલ્વે ટ્રેઈનીંગ કોલેજ અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી વડોદરામાં આવેલી છે.
- લાલ રંગનો ડોલોમાઈટ આરસ છુછાપુરમાં આવેલ છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને ગુજરાત ઈકોલોજી કમિશન સંસ્થા વડોદરામાં આવેલી છે.
- શૈક્ષણિક પ્રવૃતિમાં વડોદરા અગ્રેસર રહ્યું છે.
- વડોદરા રાજ્યમાં સયાજીરાવ ગાયકવાડેફરજીયાત પ્રાથમિક શિક્ષણ કર્યું હતું.
- વડોદરામાં આઈ.પી.સી.એલ રીફાઈનરી (પેટ્રોલ બનાવટો) આવેલી છે.
- વડોદરામાંચાવજ ખાતે જી.એસ.એફ.સી.યુરિયા ખાતરનુંસૌથી મોટું કારખાનું આવેલું છે.
- સારાભાઈ કેમિકલ્સ (દવાઓ અને મશીનરી બનાવવાનું કારખાનું) તથા એલેમ્બિક (દવાઓ બનાવવાનું કારખાનું) આવેલું છે.એલેમ્બિક કેમિકલ્સ વર્કસ કંપની લીમીટેડની સ્થાપના ત્રિભુવનદાસ ગજ્જરે કરી હતી.
- ગુજરાતનું સૌપ્રથમ રેડિયો કેન્દ્ર વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે શરૂ કર્યું હતું.
- વડોદરા જિલ્લો કપાસના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને આવે છે.
- વડોદરા નજીક આજવામાં વિશ્વામિત્રી નદી પર બંધ બાંધવામાં આવ્યો છે.
- ચાંદોદ એ દક્ષિણના કાશી તરીકે ઓળખાતું અને પિતૃશ્રાદ્ધ માટે જાણીતું સ્થળ છે. અહીં નર્મદા, ઓરસંગ અને કરજણ નદીઓનો સંગમ થાય છે.
- ડભોઈ (દર્ભવતી)નો કિલ્લાનો આકાર સ્વસ્તિક જેવા આકારનો હીરા નામના સલાટના નામ પરથી કિલ્લાનો પૂર્વ દરવાજો હીરા ભાગોળ તરીકે ઓળખાય છે.
- ઈ.સ. 1711માં સરસેનાપતિ ત્ર્યંબકરાવ દાભાડે અને બાજીરાવ પેશ્વા વચ્ચે ડભોઈમાં યુદ્ધ થયું હતું.
- ડભોઈ ખાતે આવેલ વૈધનાથ મંદિરનો જીર્ણોદ્ધાર લવણપ્રસાદે કર્યો હતો.
- વડોદરાનો ‘ લીલો ચેવડો’ અને ‘ભાખરવડી’ પ્રખ્યાત છે.
- કોયલીમાં ઈ.સ.૧૯૬૫માં ખનીજતેલ શુદ્દિકરણની રીફાઈનરી સ્થાપવામાં આવી હતી. અંકલેશ્વરમાંથી નીકળતા ખનીજતેલને આ રીફાઈનરીમાં શુદ્ધ કરવામાં આવે છે.
- ગંધાર તેલક્ષેત્ર વડોદરા જીલ્લામાં આવેલુ છે.
- ડભોઈ ખાતે ગુજરાતી કવિ દયારામનો તંબૂરો,ચશ્મા અને હસ્તપ્રત સ્મૃતિચિહન રૂપે સચવાયેલ છે.
- વડોદરા પાસે આવેલ કારવણ (કાયાવરોહણ)માં લકુલીશની જન્મભૂમિ માનવામાં આવે છે.

gnanbhandar.com

- ❖ કાયાવરોહણના યોગ મંદિરની સ્થાપનામાં મહત્વનુ યોગદાન શ્રી કૃપાલ્વાનંદ સ્વામી આપ્યું હતું. આ ત્રણ માળના યોગમંદિરમાં બ્રહ્મલોક, વિષ્ણુલોક અને શિવલોક આવેલા છે.
- ❖ ઈ.સ. 1947માં અંબુભાઈ પુરાણીએ અરવિંદ કેન્દ્રની સ્થાપના કરી હતી.
- ❖ ગુજરાતમાં સૌપ્રથમ ફાઈન આર્ટસ કોલેજની સ્થાપના વડોદરામાં થઈ હતી.
- ❖ વડોદરા જિલ્લાના ડેસર ખાતે ગુજરાતની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ૨૦૨૨માં કાર્યરત થશે.
- ❖ ચાણોદ પિતૃકાર્ય , શ્રાદ્ધ તર્પણ તથા કાર્લસર્પદોષની વિધિ માટે જાણીતું સ્થળ છે. તથા ગુજરાતી કવિ દલપતરામનું જન્મસ્થળ છે.
- ❖ ચાણોદ અને કરનાળી પાસે શેષનારાયણનું ભવ્ય વિશાળ વૈષ્ણવ મંદિર આવેલું છે.
- ❖ વડોદરા નજીક રમણગામડી ખાતે ધન્વંતરી પરિયોજના અંતર્ગત આયુર્વેદિક ઔષધીઓનું નિર્માણ કરવામાં આવેલ છે.
- ❖ ઈ.સ. 1939માં વડોદરા ખાતે ગુજરાતનું સૌપ્રથમ રેડિયો કેન્દ્રની શરૂઆત થઈ હતી.
- ❖ ભારતનું સૌપ્રથમ પેટ્રો કેમિકલ્સ સંકૂલ ઈ.સ. 1969માં ઈન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પોરેશન લી. (IPCL)ની સ્થાપના કરવામાં આવી હતી.
- ❖ મહારાજા સયાજીરાવ ગાયકવાડે ઈ.સ. 1908માં બેંક ઓફ બરોડાની સ્થાપના કરી હતી. જેનું વડુમથક વડોદરા છે.
- ❖ નારેશ્વર ખાતે રંગ અવધૂતનો આશ્રમ આવેલો છે.
- ❖ વડોદરામાં આવેલ પ્રતાપ વિલાસ પેલેસનું નિર્માણ રાજા રણજીતસિંહજી વર્ષ 1907 થી 1915 દરમિયાન યુરોપીયન પધ્ધતિમાં ઈન્ડો-સેરેસિનિક શૈલીમાં કરાવ્યુ હતું. 1968માં મહારાજા રણજીતસિંહે આ પેલેસને કુદરતી ઉદ્યાનમાં ફેરવી દીધો હતો.
- ❖ ગુજરાતનો પ્રથમ હેવી પ્લાન્ટ વડોદરામાં આવેલો છે.
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ ગુજરાતમાં પાઈપલાઈન દ્વારા રાંધણગેસ પૂરો પડવાની યોજના સર્વપ્રથમ અમલ – વડોદરા શહેર
- ❖ ગુજરાતમાં સર્વપ્રથમ રેડીયો કેન્દ્રની સ્થાપના- ૧૯૨૦માં વડોદરા
- ❖ ગુજરાતનું સર્વપ્રથમ સૌરઉર્જા ગામ- ૧૯૮૪માં ખાંડીયા ( વડોદરા)
- ❖ ગુજરાતનું પ્રથમ મેમુ ટ્રેન ઓટોમેટિક વોશ સિસ્ટમ- વડોદરા
- ❖ ગુજરાતનું પ્રથમ રેડિયો કેન્દ્ર ઈ.સ. 1939માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ વડોદરામાં શરૂ કર્યું હતું.
- ❖ ગુજરાતની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનાં ડેસર ગામમાં આવેલી છે જેનું નામ " સૌની યુનિવર્સિટી" રાખવામાં આવ્યું છે.
- ❖ ગુજરાતનો સર્વપ્રથમ ફિલ્મ સ્ટુડીયો – લક્ષ્મી ફિલ્મ લેબોરેટરી અને સ્ટુડીયો, વડોદરા
- ❖ ડભોઈનો કિલ્લો ડભોઈમાં આવેલો ડભોઈના કિલ્લાનું બાંધકામ સિદ્ધરાજસિંહ જયસિંહના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવ્યો છે. જેનો શિલ્પકાર હીરા કડીયો હતો. આ કિલ્લાનો આકાર સ્વસ્તિક જેવો છે.

gnanbhandar.com